નિવૃત્તિના દિવસે કર્મચારીને તમામ આર્થિક લાભો ચેકથી આપી દેવાશે

નિવૃત્ત થતા કર્મચારીના પરિવારને મુશ્કેલી ન ઉભી થાય તે માટે સરકારે કરેલી નવી વ્યવસ્થા,રાજ્યના સામાજીક ન્યાય વિભાગનો પ્રથમ પ્રયોગ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૨૮

ગુજરાત સરકાર તેના અધિકારી કે કર્મચારીને નિવૃત્તિના સમયે આર્થિક લાભો ચૂકવી આપે તેવી એક સિસ્ટમ ગોઠવી રહી છે, જેનો પ્રથમ પ્રયોગ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે કર્યો છે.

સામાન્ય સંજોગોમાં અધિકારીએ કર્મચારી નિવૃત્ત થાય એટલે તેને પેન્શન બાંધણી અને આર્થિક ચૂકવણી જેવા લાભો નિવૃત્તિ પછી ૧૫ દિવસે કે મહિને મળતા હોય છે. ઘણાં કિસ્સામાં છ મહિના સુધીનો સમય નિકળી જતો હોય છે, તેની તેના પરિવારને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

રાજ્ય સરકારે જારી કરેલા આદેશ પ્રમાણે અધિકારી કે કર્મચારીને નિવૃત્તિના દિવસે જ આર્થિક લાભો મળી જાય તે જોવા વિભાગોને તાકીદ કરવામાં આવી છે. રાજ્યના સામાજીક ન્યાય વિભાગના બે સેક્સન ઓફિસર અને એક નાયબ સેક્સન ઓફિસર ૩૦મી જૂને વય નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે તેમને તે જ દિવસે આ વિભાગના મંત્રી ફકીર વાઘેલાની હાજરીમાં નિવૃત્તિના મળનારા તમામ લાભોના ચેક આપી દેવામાં આવશે.

આ ત્રણેય કર્મચારીઓને વય નિવૃત્તિના દિવસે આર્થિક લાભો મળી જતાં તેણે નાણા વિભાગ કે સબંધિત વિભાગોમાં ધક્કા ખાવાના રહેશે નહીં. આ લાભ મળ્યા પછી જે કે કર્મચારીને નિયમ પ્રમાણે પેન્શનનું બાંધણું પણ કરી આપવામાં આવશે. જો કે તેના માટેના ડોક્યુમેન્ટ કર્મચારીએ આપવાના રહેશે. તમામ ચૂકવણું ચેકથી કરવાનું સરકારે નક્કી કર્યું છે.

કર્મચારી માટે આર્થિક લાભ ઉપરાંત રજાનું રોકડમાં રૂપાંતર અને અન્ય લાભોની ગણતરી કરવામાં આવે છે.

ટાઉનહોલ પર પવનચક્કી - ગાંધીનગરને સોલાર સીટી બનાવવાના શમણાને વાસ્તવિક સ્વરૂપ આપવા તમામ વિભાગો યતકિંચિત યોગદાન આપે છે. ગાંધીનગરના ટાઉનહોલ પર પણ પવનચક્કીથી વિજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ કાર્યાન્વિત થયો છે. **(તસવીર : દિપક જાની)**

બિનઉપયોગી બસ બસસ્ટેન્ડ - ઘ-૬થી કોલવડા તરફ જવાના માર્ગ પર આવેલા બસ સ્ટેન્ડ જે હેતુથી બનાવવામાં આવ્યું છે તે માટે ઉપયોગ થતો જ નથી એટલે કે મુસાફરો માટે આ બસ સ્ટેન્ડ બિનઉપયોગી છે... પરંતુ તેની બીજી તરફ જોઈએ તો વીસામા માટે ઘણા પરિવારો અહીં રહેણાંક બનાવીને રહેતા હોય તેવું ચર્ચાય છે...

પોલીસ સ્ટેશનોમાં હવે જિલ્લા પોલીસ વડાની બાજ નજર રહેશે

સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવાયા તબક્કાવાર અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ કેમેરા લાગશે

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં અરજદારો સાથે પોલીસનો વ્યવહાર સહિતની બાબતો પર હવે જિલ્લા પોલીસ વડાની બાજ નજર રહેશે. જિલ્લાના પોલીસ મથોમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવાના નિર્ણયના પગલે પ્રથમ તબક્કામાં પ્રાયોગિક ધોરણે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં અમલ કરી દેવાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં આવતા અરજદારો સાથે પોલીસની વર્તણુંક ઉપરાંત પોલીસની કામગીરી સંદર્ભે યોગ્ય વોચ રાખી શકાય તેવા આશયથી પોલીસ સ્ટેશનોમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવા નિર્ણય લેવાયો હતો. ૬ મહિના અગાઉ જિલ્લાના પોલીસ મથકોમાં કેમેરા લગાવાવનું નક્કી કરાયા બાદ હાલ આ નિર્ણયના પગલે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવી દેવાયા છે. પ્રાયોગિક ધોરણે હાથ ધરાયેલી આ કામગીરીના અંતે આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ આ મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પોલીસ સ્ટેશનોને સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ કરવાના નિર્ણયના પગલે પોલીસની કામગીરી અને અરજદારો સાથેની વર્તણુંક સહિતની બાબતો પર જિલ્લા પોલીસ વડાની સતત વોચ રહેશે. જેના પરિણામે જિલ્લા પોલીસતંત્રની કામગીરી વધુ પારદર્શક અને અસરકારક બનશે.

ગાંધીનગરની પ્રાથમિક શાળાઓની કંગાળ સ્થિતિ

સેક્ટર-૧૭ની પ્રાથમિક શાળામાં માત્ર ત્રણ વિદ્યાર્થીઓ ધો. ૧માં પ્રવેશ પામ્યા

ગાંધીનગર, તા. ૨૮

શાળા પ્રવેશોત્સવની વાતો આજકાલ બહુ સંભળાય છે, સામાન્ય માણસને તો એવું જ થાય કે પ્રાથમિક શિક્ષણની હાલત સુધરી ગઈ. જો કે અંદરની વાસ્તવિકતા કંઈક અલગ છે. શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમ પાછળ કરોડો ખર્ચ થાય છે, પરંતુ તેનો અર્થ સરતો નથી. ગાંધીનગરની જ વાત કરીએ તો આખા રાજ્યનો વહિવટ જ્યાંથી થાય છે તે સચિવાલયથી સાવ નજીક એવી સેક્ટર-૧૭ની પ્રાથમિક શાળામાં આ વર્ષે ધો. ૧માં કેટલા બાળકોએ પ્રવેશ મેળવ્યો તેવો પ્રશ્ન તો પુછાય તેવો નથી... તેનું કારણ છે આ વર્ષે ધો. ૧માં માત્ર ત્રણ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ગાંધીનગરના શિક્ષણ જગત માટે તો આ ડુબી મરવા જેવી વાત થઈ.

એક સમયે ૩૦૦-૪૦૦ બાળકો ભણતાં હતા તે સે. ૧૭ની પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૭માં માત્ર ૩૫ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે

પ્રાથમિક શાળાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટે

સમયસર

શાળા પ્રવેશોત્સવ જેવો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ કરોડોના ખર્ચે યોજાય છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં કદાચ આ કાર્યક્રમને સફળતા મળી હશે પરંતુ શહેરી વિસ્તારની શાળાઓમાં આ કાર્યક્રમ ફ્લોપ શૉ સાબિત થઈ રહ્યો છે. તેનો પુરાવો છે. સેક્ટર-૧૭ની પ્રાથમિક શાળા. આજથી શરૂ થયેલા શહેરી વિસ્તારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન ધો. ૧ માં માત્ર ત્રણ વિદ્યાર્થીઓનું નામાંકન થયું...! આવી જ હાલત શહેરી વિસ્તારની અન્ય શાળાઓની છે. એક સમયે સેક્ટર-૧૭ની પ્રાથમિક શાળાઓ સહિત શહેરની તમામ શાળાઓમાં ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા. એક દાયકા પહેલા જાજરમાન ભાસતી આ શાળાઓની હાલત દયનીય થઈ ગઈ છે. શહેરી વિસ્તારની પાંત્રિસ શાળાઓમાં આઠ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. એટલે કે દરેક શાળામાં સરેરાશ બસ્સો-અઢીસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ફતેપુરાની પ્રાથમિક શાળાઓમાં તો સન્માનજનક સંખ્યા છે. પરંતુ શહેરના સેક્ટરોની પ્રાથમિક શાળાઓ વિદ્યાર્થીઓના અભાવે ગમે ત્યારે બંધ થઈ જાય તેમ છે. સેક્ટર-૧૭ પ્રાથમિક શાળાની જ વાત કરીએ તો અહીં હાલમાં ધો. ૧ થી ૭માં માત્ર ૩૫ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. શિક્ષકોની સંખ્યા ત્રણ છે. એક તરફ શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાઓની સંખ્યા વધતી જાય છે તો સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવી પડે તેવી સ્થિતિ છે. સરકારી પ્રાથમિક શાળાઓની આ દયનીય સ્થિતિ પાછળનું કારણ એ છે કે સરકારી શાળાઓના શિક્ષણ પર વાલીઓને હવે વિશ્વાસ રહ્યો નથી. શિક્ષણનું સ્તર સુધરે અને વાલીઓનો વિશ્વાસ વધે તે માટેના કોઈ ગંભીર પ્રયાસો શિક્ષણ વિભાગ કરતુ નથી. અરે સરકારી પ્રાથમિક શાળાના એક પણ શિક્ષકનું સંતાન સરકારી શાળામાં ભણતુ નથી. જ્યારે શિક્ષકને પોતે જ પોતાની શાળા અને શિક્ષણ પર વિશ્વાસ નથી તો અન્યોને તો ક્યાંથી હોય. શિક્ષણની ગુણવત્તા સુધારણાની વાતો તો ખુબ થાય છે પરંતુ તેનો અમલ થતો નથી. સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણની ગુણવત્તા ઓછી થતાં વાલીઓને નાછૂટકે મોંઘી ફી ભરી પોતાના બાળકને ખાનગી શાળામાં ભણાવવો પડે છે.

કોટેશ્વર પાસે નદીમાં ત્રણ ડૂબ્યા : બેના મોત

રાણીપના ત્રણ યુવાનો ગઈકાલે સાંજે રીક્ષા લઈ નદીમાં ન્હાવા આવ્યા હતા : એકની શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૨૮

કોટેશ્વર પાસે સાબરમતી નદીમાં ગઈકાલે સાંજે ન્હાવા પડેલા રાણીપના ત્રણ યુવાન ઉંડા પાણીના વહેણમાં ડૂબ્યા હતા. આ ત્રણ પૈકી બે નું ડૂબી જવાથી મોત નિપજ્યું છે. ગ્રામજનો તેમજ ફાયરબ્રિગેડ દ્વારા હાથ ધરાયેલી શોધખોળના અંતે બે યુવાનોના મૃતદેહને નદીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. જ્યારે અન્ય એકની શોધખોળ હજુ ચાલી રહી છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલે સાંજે અમદાવાદના રાણીપ વિસ્તારમાંથી ત્રણ યુવાનો રીક્ષા લઈને કોટેશ્વર સાબરમતી નદીમાં ન્હાવા પહોંચ્યા હતા. નદીમાં ન્હાવા પડેલા ત્રણેય ઊંડા પાણીમાં ડૂબ્યા હતા. આ મામલેસ્થાનિક ગ્રામજનોને જાણ થતા શોધખોળના અંતે તેમણે નદીમાંથી એક યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. જ્યારે આ અંગે સ્થાનિક કક્ષાએથી અડાલજ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ તપાસ અર્થે ઘટનાસ્થળે પહોંચી હતી. નદીમાં ડૂબેલા અન્ય યુવાનોની ભાળ મેળવવા ફાયરબ્રિગેડની ટીમે પણ શોધખોળનો દૌર આરંભ્યો હતો. જેના અંતે આજે ૨૭ વર્ષીય દિનેશ અરજણજી બાબુજી ઠાકોર (રહે. રાણીપ) નામના યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે અન્ય એક યુવાનના મૃતદેહની ઓળખ થઈ નથી. નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવાનો પૈકી બે ના મોત નિપજ્યા છે.જ્યારે અન્ય એક યુવાનને શોધવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ મામલે અડાલજ પોલીસ સ્ટેશનના જમાદાર અરજણભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૧૯ સર્કલ પાસે રેસર બાઈકે બે એક્ટીવાને ટક્કર મારી : છને ઈજા

પત્રકાર નયનાબેન દોશીને પાંસળીમાં ઈજા થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા

ગાંધીનગર, તા. ૨૮

સે. ૧૯ ચાર રસ્તા પાસે ગઈકાલે સાંજે બેફામ જતા રેસર બાઈકના ચાલકે બે એક્ટીવાને અડફેટે લેતા ૬ વ્યક્તિઓને શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થવા પામી હતી. અકસ્માતમાં ગાંધીનગર દિવ્ય ભાસ્કરના બ્યુરોચીફ મુકેશ દોશીના પત્ની પત્રકાર નયનાબેન દોશીને પાંસળીમાં ગંભીર ઈજા થતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૧૯માં રહેતા નયનાબેન દોશી તેમની બે પુત્રી સાથે તેમજ તેમના ભાઈ આશિષભાઈ જાની બાળકોને લઈને અલગ-અલગ બેએક્ટીવા પર સે. ૧૯ ચાર રસ્તા પાસેથી ગઈકાલે સાંજે પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ સર્કીટહાઉસ તરફના માર્ગ પર પાછળથી આવતા રેસર બાઈક નં. જી.જે.-૧-એન.કે.૪ ના ચાલકે પોતાનુ બાઈક તીવ્રગતિએ હંકારી એક બાદ એક બન્ને એક્ટીવાને ટક્કર મારી હતી. સર્જાયેલા આ અકસ્માતમાં નયનાબેન દોશી, ધરના દોશી, ખુશી દોશી તેમજ આશિષભાઈ જાની તેમજ તેમના બાળકોને વધતા ઓછા પ્રમાણમાં ઈજા થવા પામી હતી. પત્રકાર નયનાબેન દોશીને પાંસળીમાં ગંભીર ઈજા થતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બનાવ સંદર્ભે સે. ૨૧ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વસંતભાઈ ડાહ્યાભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરમાં ગતિનિયંત્રણના અભાવે પૈંડા પરની જિંદગી જોખમી બની છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી બેફામ બનેલા બાઈકર્સના લીધે માર્ગ સલામતી વધુ જોખમાઈ છે.

બાંધકામ સાઈટોના સંચાલકોને આરોગ્ય તંત્ર દ્વારા નોટીસો અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરની વિવિધ સાઈટો પર ચાલી રહેલ બાંધકામની કામગીરી સાથે સંકળાયેલ મજૂરોમાં મેલેરિયા પોઝીટીવના કેસો મળી આવતાં તંત્રએ આ સાઈટના સંચાલકોને નોટીસ પાઢવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરમાં સાત થી પણ વધુ સાઈટો પર હાલ બાંધકામની પ્રવૃત્તિ જોરશોરથી ચાલી રહી છે. તંત્ર દ્વારા મજૂરોનું સ્ક્રીનીંગ હાથ ધરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. જેમાંથી મેલેરિયા પોઝીટીવ ધરાવતી સ્લાઈડો મળતાં ચોંકી ઉઠેલા તંત્રએ આ સાઈટ સંચાલકોને નોટીસ આપવાનો નિર્ણય લીધો છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બાંધકામ સાઈટો પર પર પ્રાંતિય મજૂરોની સંખ્યા ઘણી મોટી છે. આ મજૂરોમાં પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. આ મજૂરો મધ્યપ્રદેશ, રાજસ્થાન, પં. બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબથી આવેલા છે. આ ઉપરાંત ગુજરાતના ગોધરા અને દાહોદ પંથકના મજૂરો પણ આ સાઈટો પર કામ કરી રહ્યા છે.

આ સૂત્રોના જણાવ્યા અનુસાર સાઈટ સંચાલકોને આ બાબતે અગાઉ મૌખિક જાણ પણ કરવામાં આવી હતી જો કે તેમના દ્વારા જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે ખાંચરેથી

● જાણીતા ફિલ્મ અભિનેતા શ્રી પરેશ રાવલ ઓગષ્ટ માસમાં ગાંધીનગરના અતિથી થવાના છે. ● ગાંધીનગરમાં સચિવાલયની ન્યુ કેડીટ સોસાયટીમાં આજે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પાંચ બેઠકોની ચૂંટણીમાં ૧૬૨૯ મતદારોએ મતદાન કર્યું હતું. ● આગામી માસમાં ચૂંટણી પંચ ગુજરાતની મુલાકાતે આવી રહ્યું હોઈ તંત્રએ તેની તૈયારીઓ શરૂ કરી છે. ● રજા ઉપરથી પરત ફરેલા શ્રી ધનંજય દ્વિવેદીને નાણાં વિભાગમાં અધિક સચિવ તરીકે નિમણુંક અપાઈ છે. ● ગાંધીનગર ખાતે આજે કેશુભાઈ પટેલના નિવાસ્થાને અસંતુષ્ટ જૂથની બેઠક મળવાની છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જોઈએ છે

શ્રીમતી માણેકબા વિનય વિહાર ગૌશાળા, અડાલજ, જિ. ગાંધીનગર માટે અંગ્રેજી - ગુજરાતી કોમ્પ્યુટર ટાઈપ તથા ટેલીના અનુભવી ક્લાર્ક કમ એકાઉન્ટન્ટ. અરજી જરૂરી પ્રમાણપત્રો અને ફોટા સાથે દિન-૭માં મેનેજરશ્રીને પોસ્ટ કરવી.

SANGHI CEMENT | KISAN | VISAVAD 500 | SANGHI STEEL - ISI | BENELAVE | H.FIXIT | TMT BARS - ISI | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પારો, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પારો, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જન સમુદાયનાં દિલ ડોલાવવા હોન્ડા તૈયાર

ભારતીયોનાં સ્વપ્નોની બાઈક 'ડ્રીમ યુગા' હવે બજારમાં

ડ્રીમ યુગા એ સાચા અર્થમાં ભારત માટેની ખાસ મોટરસાયકલ છે, જે ગ્રાહકોની જરૂરિયાતો સંતોષે છે

ગાંધીનગર, તા. ૨૮

હોન્ડાની ભીરત ખાતેની એકમાત્ર ટુ વ્હીલર કંપની 'હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા લિમિટેડ' દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલા એક ધમાકેદાર સમારોહમાં ભારત માટે એક ખાસ કોર્પોરેટ ડાયરેક્શનની રજૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે કંપનીના વાઈસ પ્રેસીડેન્ટ (સેલ્સ એન્ડ માર્કેટીંગ) શ્રી વાય એસ ગુલેરીયાએ જણાવ્યું ભારતીય બ્રાન્ડના સૂત્ર 'સચ કર દેંગે સપને' દ્વારા હોન્ડાનું વિઝન સમજાવતાં જણાવ્યું હતું કે 'અમે તમામ ભોગોલિક વિસ્તારો અને માનસિક ખ્યાલો ધરાવતા વિશાળ જનસમુદાય માટેની હોન્ડાની મોટરસાયકલ ડ્રીમ યુગાની રજૂઆત સાથે નવું સીમાચિન્હ સ્થાપવા માગીએ છીએ.' આ સાથે જ અભિનેતા અક્ષય કુમાર ભારતમાં હોન્ડાનો ચહેરો બને છે એ સમાચાર પણ તેમણે સહર્ષ આપ્યા હતા.

હોન્ડાના સ્થાપક સોઈચીરો હોન્ડાએ ૧૯૪૯માં જન સમુદાય માટે પ્રથમ મોટરસાયકલ 'ડ્રીમ ડી' રજૂ કરીને ઘણાં સપનાં સાકાર કર્યાં હતાં. એ પછી હોન્ડાએ સંખ્યાબંધ ડ્રીમ મોડેલ રજૂ કર્યા છે. ૫૦ વર્ષના ભવ્ય વારસા સાથે હોન્ડાએ આજે ભારતમતાં જનસમુદાયની ગતિશીલતા માટે પ્રથમ મોટું કદમ ઊઠાવ્યું છે. ડ્રીમ યુગા એ સાચા અર્થમાં ભારત માટેની ખાસ મોટરસાયકલ છે, જે ગ્રાહકોની

જરૂરિયાતો સંતોષે છે.

ડ્રીમ યુગામાં રિફાઈન્ડ ૧૧૦ સીસી હોન્ડા એન્જિન છે, જે ૮.૫ બીએચપી (૭૫૦૦ આરપીએમ) સાથે પ્રતિ લીટર ૭૨ કિમીનું શ્રેષ્ઠ માઈલેજ આપે છે અને તે પણ પોસાય તેવી કિંમતમાં!

બાઈકના એન્જિનમાં 'હોન્ડા ઈન્ટેલિજન્ટ ઈગ્નીશન કંટ્રોલ સિસ્ટમ' જેવી વિવિધ પ્રકારની અદ્યતન ટેકનોલોજીસનો સમન્વય કરાયો છે, જે ભારતની સ્થિતિ મુજબ ઈગ્નીશનના સમયમાં ફેરફાર કરીને આદર્શ કમ્બશ્ચન હાંસલ કરે છે, તેનાથી બહેતર પાવર અને કાર્યક્ષમતા પ્રદાન થાય છે.

આકર્ષક સ્ટાઈલ ધરાવતા ડ્રીમ યુગામાં આકર્ષક એલોય વ્હીલ્સની સાથે અસરકારક એક્ઝોસ્ટ, કાળા રંગની ગ્રેબ રેઈલ, ગમી જાય તેવાં ગ્રાફિક્સ, રિયાલિસ્ટીક મીટર કન્સોલ અને ટેઈલ લાઈટ જેવાં ફિચર્સનો સમાવેશ થાય છે.

સ્ટાઈલ અને કરકસરની સાથે ડ્રીમ યુગાનું નિર્માણ વિશેષપણે ભારતના ગ્રાહકોની વાહન ચલાવવાની વાસ્તવિક જરૂરિયાતો ધ્યાનમાં રાખીને કરાયું છે, જેમાં લાંબી સીટ, ફૂલ ગીયર લીવર અને ફૂલ ચેઈન કેસ જેવાં ફીચર્સ રોજેરોજ વાહન ચલાવનાર માટે શ્રેષ્ઠ પસંદગી બની રહે છે.

ડ્રીમ યુગાના ટ્યુબલેસ ટાયર/ટફ અપ ટ્યુબનો વિકલ્પ, વિસ્કોસ અને ફિલ્ટર તથા મેઈન્ટેનન્સ ફ્રી બેટરી - આ બધું જ જન સમુદાયની મોટરસાયકલના ટકાઉપણામાં વધારો કરે છે.

ડ્રીમ યુગાને માત્ર રસ્તાઓ ઉપર જનહીં, કપરાં માર્ગો ઉપર પણ ચલાવવું એટલું જ આરામદાયક છે. અને તે ૪૭, ૩૫૨ (એક્સશો-રૂમ, અમદાવાદ)ની આકર્ષક કિંમતે ઉપલબ્ધ છે.

સેક્ટર-૨૧માં રૉયલ મોટર્સના અદ્યતન શો-રૂમમાં નવી ડ્રીમ યુગા જોવા માટે બાઈકર્સ મુલાકાત લઈ રહ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com